# || ॐ શ્રી સાઈરામ ||

## || ॐ શ્રી સાઈ મુક્તિપ્રદાય નમ: || (૪૬)

## મોક્ષ પ્રદાન કરવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભગવાન શ્રી સત્યસાઇબાબા મનુષ્યને અજ્ઞાન, દુ: ખ અને મૃત્યુથી મુક્તિ આપે છે. ભગવાન બાબા કહે છે-માનવ જન્મ એટલે જન્મ અને મૃત્યુથી મુક્ત થવા માટે મળેલી એક ખાસ સંધિ (અવસર) છે. બીજી કોઇપણ સપાટી પર આ સંધિ અસ્તિત્વમાં નથી. આ સંધિ અત્યંત દુર્લભ હોવાથી તે ફક્ત પૃથ્વી પૂરતી જ મર્યાદિત છે. માનવ જન્મ મેળવવા માટે બધા જ જીવ ઉત્સુક હોય છે. કેવળ માનવ શરીર મારફત જ ઈશ્વરને જાણી શકાય છે.

ભગવાન બાબા કહે છે – ' દેહ (શરીર) ને દેવત્વ જાણવા માટેનું સાધન માનવું જોઈએ. તેના માટે શારીરિક સુખ-પ્રાપ્તિ માટેની દેહાસક્તિ છોડી દેવી જોઈએ. મુક્તિ મેળવવા માટે મન ઈશ્વરને અર્પણ કરવું પડે છે. ઈશ્વર મનમાં ધારણ કર્યા પછી, ઈચ્છા મટી જાય છે અને ઈચ્છા મટી એટલે મનનું અસ્તિત્વ મટી જાય છે (સમાપ્ત થાય છે, અને ત્યાર પછી મનુષ્ય મુક્ત થાય છે. આ અવસ્થાને મનોનિગ્રહ, મનોલય અથવા મનોનાશન એમ કહેવાય છે. એનો જ અર્થ મન મૃત્યુ પામે છે, મન વિલીન થાય છે, મનનો સંહાર થાય છે.'

ભગવાન બાબા આના માટે ગૌતમ બુદ્ધનું ઉદાહરણ આપે છે. તે કહે છે -"બુદ્ધે આમાં ખૂબ ઊંડા ઊતરીને અભ્યાસ કર્યો અને જાણ્યું કે, છેલ્લે મન જ આત્મબોધની પ્રગતિમાં આડે આવે છે. ત્યાર પછી તે ' અમનસ્ક' થયા. એનો અર્થ એ કે મનની બધી અશાંતિને તેમણે બહાર કાઢી નાખી અને નિર્વાણ એટલે મોક્ષ પ્રાપ્ત કર્યો."

ભગવાન બાબાની કૃપાથી એક નાની બાળકીને કેવી રીતે મોક્ષ પ્રાપ્ત થયો તેની એક કરુણ કથા.

ઘણા વર્ષો પહેલાં એકવાર સ્વામી તેમના અન્ય ભક્તો સાથે ચિત્રાવતી નદીને તીરે જવા નીકળ્યા તે જ વખતે એક છ વર્ષની બાળકી ત્યાં દોડતી આવી. તેણે જોયું કે, સ્વામી પગમાં કાંઈ જ પહેર્યા વગર નીકળ્યા હતા, તેથી તે હાથમાં ચપ્પલ લઈને આવી હતી. સ્વામી પાસે જઈને તેણે તે ચપ્પલ તેમને પગમાં પહેરવા આપી. આટલી નાનકડી બાળકીનું આ કૃત્ય જોઈને સ્વામીને ખૂબ જ આનંદ થયો. સ્વામીએ તેને પાસે બોલાવીને કહ્યું-"તને જે જોઈએ તે માંગ." ત્યારે તેણે જે માંગ્યું તે સાંભળીને બધાને ઘણું આશ્ચર્ય થયું. તે બોલી – " સ્વામી, મને તમારા ચરણોમાં વિલીન થવું છે." બીજું

કાંઈ માંગ એવું કહેવા છતા તે આ જ જીદ પકડીને બેઠી. છેલ્લે તેના મન મુજબ જ થયું બે દિવસ તાવ આવવાથી તેની પ્રાણજ્યોત સ્વામીમાં વિલીન થઈ ગઈ. દયાળુ સ્વામીએ તેની ઇચ્છા મુજબ તેને મુક્તિ પ્રદાન કરી.

બીજી વાર્તા છે. કેરળના શ્રી અને શ્રીમતી શંકર નારાયણનન નામના ભક્ત દંપતીની સ્વામી ઉપર અસીમ ભક્તિ હતી. સ્વામી જ્યારે ૧૯૫૯-૬૦ માં કેરળ ગયા હતા ત્યારે તેમની ભક્તિથી પ્રસન્ન થઈને સ્વામી બોલ્યા- "શ્રીમતી શંકરનારાયણનનની ભક્તિ મહાન છે. " ૧૯૯૧ માં, તેમનું અચાનક મૃત્યુ થયું. તે વખતે શોક મગ્ન અવસ્થામાં તેમની ડૉક્ટર કન્યા (પુત્રી) ના મનમાં એક જ પ્રશ્ન સતાવતો હતો –" મારી માતા ક્યાં હશે અને કેવી હશે?"

તે વખતે શ્રીમતી શંકરનારાયણનનના પૂજાની રૂમમાં લગાવેલા ફોટામાંથી વિભૂતિ અને અમૃત ઝરવા લાગ્યું. જાણે સ્વામી કહેતા હતા " ચિંતા ન કરીશ. તારી માતા મારી સાથે જ છે અને તેનું જીવન અમૃત થયું છે."

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||